જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૮/૧૦/૨૦૨૩ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૦૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૧૦૨ લીટર દેશી દારૂ, ૯૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૯ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૬ બિયર ટીન, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૫૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૧૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૭૧૧/૨૦૨૩

**સોલા હાઇકોર્ટઃ** મહેશભાઇ મગનજી ઠાકોર (રહે.દેવ્યાન એપાર્ટમેન્ટ, થલતેજ શીલજ બ્રીજની બાજુમાં થલતેજ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૧૦/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૧૭/૧૦/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સોલા ગુજરાત હાઇકોર્ટ સામે, નીતી બાગ જસ્ટીસ સોસાયટીમાં મહેશભાઇના બંગલા નંબર-૩ ના દરવાજાનો નકુચો/તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ચાંદીની મોમેન્ટ નંગ-૨ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/-, ચાંદીની ચીજ વસ્તુઓ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.રવિયા ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૭૧૨/૨૦૨૩

**ગાયકવાડ હવેલીઃ** મનોજભાઇ હસમુખલાલ શાહ (ઉ.વ.૬૨)(રહે.આર્શીવાદ સોસાયટી ગોવિંદનગર દાહોદ) તા.૧૭/૧૦/૨૦૨૩ સવારના ૧૦/૩૫ વાગ્યાના સુમારે રાયખડ ચાર રસ્તા બસ સ્ટેન્ડથી બી.આર.ટી.એસ.બસમાં મુસાફરી કરી રહ્યા હતા દરમ્યાન અજાણી વ્યક્તિએ મનોજભાઇની નજર ચુકવી પેન્ટના ખીસામાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ મનોજભાઇ શાહએ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જી.વાઘેલા ચલાવે છે.

## <u>દટાઈ જતા મૃત્યું:-</u> <u>સમાચાર યાદી નં.૧૭૧૩/૨૦૨૩</u>

**એલીસબ્રીજ**ઃ આંબાવાડી એક્સાઇઝ ચોકી સર્કલ પાસે એચ.આર.ગૃપની નવી બનતી કંન્ટ્રક્શન સાઇટ ખાતે કામ કરતા ગુડુભાઇ બદીયાભાઇ (મુળ વતન. ગામ-ધુમુણ્ડ તા-કાલદેવી જી- જાંબુવા મધ્યપ્રદેશ) નાઓની પત્ની તેમની ચાર વર્ષની પુત્રી પ્રિયાને લઇને કંન્ટ્રક્શનના ખાડાની કિનારે ચાલતા-ચાલતા પસાર થતા હતા ત્યારે અચાનક ભેખડ પડતા ગુડુભાઇની પત્ની કમરના ભાગ સુધી દટાઈ ગયા હતા. જ્યારે તેમની પુત્રી માટીમા દટાઇ જતા ખાડો ખોદી બહાર કાઢી નજીકની હોસ્પીટલમા સારવાર માટે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રી એ પ્રિયાને મૃત જાહેર કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.રાઠોડ ચલાવે છે.

## <u>ભુલથી એસીડ પી લેતા મૃત્યું:-</u> <u>સમાચાર યાદી નં.૧૭૧૪/૨૦૨૩</u>

**નારોલ**ઃ સમીર સ/ઓ મોહમદ સગીરખાન પઠાણ (ઉ.વ.૨૦)(રહે.ખ્વાજાનગર વિભાગ-૩ આકૃતી ટાઉનશીપ રોડ નારોલ) એ તા.૧૭/૧૦/૨૦૨૩ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ભુલથી એસીડને પાણી સમજી પી જતા, સારવાર અર્થે તેમને ઇસનપુર ગોવિંદવાડી રતન હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

## <u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૭૧૫/૨૦૨૩</u>

**રીવરફ્રન્ટ વેસ્ટ**ઃ કનુભાઈ ચંદુભાઈ રાવળ (ઉ.વ.૪૦)(રહે.ચંચળ ફલેટ, જોગણીમાતાના મંદિરની બાજુમાં ઠાકોરવાસ ઈસનપુર) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૦/૨૦૨૩ બપોરના ૧/૫૦ વાગ્યા પહેલા સરદારબ્રીજ નીચે વોક-વે નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશકુમાર કાનજીભાઈ ચલાવે છે.

**અમરાઇવાડી**ઃ નટવરભાઇ ખોડીદાસ પરમાર (ઉ.વ.૪૬)(રહે.નારણપીઠાની ચાલી મેટ્રો પીલ્લર નંબર-૩૯ પાસે અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૦/૨૦૨૩ બપોરના ૪/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતની લોખંડની એન્ગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

**રામોલઃ** મેઘાબહેન વા/ઓ પ્રવિણભાઇ બોમેવાર (ઉ.વ.૪૬) (રહે. સોમનાથ એપાર્ટમેન્ટ, ગોપી ડેરીના ખાંચામાં વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૦/૨૦૨૩ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતું. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૧૦/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી